
### અરવલ્લી જીલ્લાના ભિલોડા ખાતે

# ગુરૂપૂર્ણિમા મહોત્સવની ધામધૂમથી ઉજવણી






ભિલોડા,તા.૨૪

અષાઢ મહિનાની પુર્ણિમાના પવિત્ર દિને એટલે કે ગુરૂપર્ણિમાની શ્રધ્ધાભેર ઉજવણી કરવામાં આવી હતી.મંદિરોમાં સંતો,મહંતો અને ગુરૂ ગાદીએ પુજન,અર્ચનના ધાર્મિક કાર્યક્રમો શ્રધ્ધાભેર યોજાયા હતા.શ્રધ્ધાળુ ભાવિક ભક્તોએ દર્શનનો લાભ લીધો હતો.

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં ગુરૂપુર્ણીમાના પવિત્ર પાવન પર્વની ધામ-ધુમ પુર્વક શ્રધ્ધાભેર ઉજવણી ઠેર-ઠેર યોજાઈ હતી.દેવાલયો,આશ્રમો,સમાધી મંદિરોમાં વહેલી સવારથી ભક્તો,શિષ્યો,મુમુક્ષુઓ શીશ ઝુકાવવા ઉમટ્યા હતા.ભાવિક ભક્તોએ ગુરૂજીના ચરણોમાં શીશ ઝુકાવી ધન્યતા અનુભવી હતી.ભિલોડા ભુલવણી વિસ્તારમાં ગાયત્રી પ્રજ્ઞાપીઠમાં ગાયત્રી પરીવાર ધ્વારા આસ્થા અને ઉમંગ સાથે ગુરૂપુર્ણિમાની ઉજવણી કરાઈ હતી.ગુરૂજી અજ્ઞાનરૂપી અંધકારમાંથી જ્ઞાનરૂપી પ્રકાશમાં લઈ જાય છે.સુપ્રસિધ્ધ યાત્રાધામ શામળાજીમાં શામળીયા ભગવાનના દર્શનાર્થે ભક્તો ઉમટ્યા હતા.ટોરડા ધામમાં પરમ પુજ્ય સદ્‌ગુરૂ ગોપાળાનંદ સ્વામીની પાવન જન્મભુમિમાં હરિભક્તો દર્શનાર્થે ઉમટ્યા હતા.ધોલવાણીમાં સંત શીરોમણી રામજીબાપાના આશીર્વાદ મેળવવા હજારો ભક્તો દર્શનાર્થે ઉમટ્યા હતા.પરમ પુજ્ય રામજીબાપાના આશીર્વાદ મેળવી ભક્તોએ ધન્યતા અનુભવી હતી.ઝુમસર છાપરામાં નિલકંઠેશ્વર મહાદેવ મંદિરમાં સંત શિરોમણી રઘુવીરદાસ મહારાજનું પુજન કરી ભક્તોએ આશીર્વાદ મેળવ્યા હતા.

ઈડર તાલુકાના ગાંઠિયોલ ગામમાં સદ્‌ગુરૂ શ્રીમદ્ જેસીંગબાપા સ્મૃતિ મંદિરમાં પરમ પુજ્ય સંત શિરોમણી શ્રીમદ્ જેસીંગબાપા સમાધી મંદિરમાં ભક્તો,મુમુક્ષુઓ વહેલી સવારથી દર્શનાર્થે ઉમટ્યા હતા.મહાપ્રસાદીનો ભાવિક ભક્તોએ અનેરો લાભ લીધો હતો.ગુરૂ પુર્ણીમાના પાવન પર્વની ભવ્યાતીભવ્ય ઉજવણી ઠેર-ઠેર યોજાઈ હતી.

# પ્રાંતિજના સાંપડ મહાકાલી મંદિર ખાતે ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરાઈ

**મહાકાલી માતાના દર્શન કરી ધન્યતા અનુભવી : મંદિર ખાતે સવારથી જ માઈભકતોની લાઈનો લાગી : દર્શન કરી સુખડીનો પ્રસાદ ધરાવ્યો**



પ્રાંતિજ તા.૨૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના સાંપડ ખાતે આજે ગુરૂ પૂર્ણિમાને લઈને હજારો ની સંખ્યામા માઈ ભક્તો ની શ્રી મહાકાલી મંદિર ખાતે ભારે ભીડ જોવા મળી હતી. અષાઢ સુદ પુનમના પવિત્ર દિવસે ગુરૂ પૂર્ણિમાનુ મહત્વ અનેરૂ છે જેને લઈ યાત્રાધામ સાંપડ મુકામે આવેલ શ્રી મહાકાલી માતાના મંદિર ખાતે આજે વહેલી સવારથીજ માઈ ભક્તો દર્શનાર્થે ઉમટી પડયા હતા તો માતાજી ના દર્શન કરતા નજરે પડયા હતા અને માતાજી ને સુખડીનો પ્રસાદ ધરાવીને માઈ ભક્તો શ્રધ્ધા પૂર્વક દર્શન કરતા નજરે પડયા હતા તો દર પૂનમ ના દિવસે હજારોની સંખ્યામા દુરદુર થી શ્રધ્ધાળુઓ આવે છે અને શ્રધ્ધા પૂર્વક દર્શન કરી પૂજા અર્ચના કરેછે તો તેમની મનોકામના પૂર્ણ થતી હોવાના અનેક દાખલા પ્રચલિત બન્યા છે તો દાતાઓ ના સહયોગ થી દર પૂનમે માઈ ભક્તો માટે પ્રસાદ સ્વરૂપે ભોજનની સુંદર વ્યવસ્થા કરવામા આવે છે અને અહી આવતા માઈ ભકતો પ્રસાદ સ્વરૂપે ભોજન લઈને ધન્યતા અનુભવે છે.

# તલોદમાં આજે વેપારી-સેવાકીય સંસ્થાના કર્મચારી માટે વેક્સિનેશન

**કોરોનાની ત્રીજી લહેર પહેલાં રસીકરણ ઝૂંબેશ**

તલોદ / બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪

કોરોનાની ત્રીજી લહેરના પડઘમ વાગી રહ્યા છે. જે રીતે સોશ્યલ ડિસ્ટન્સ ભૂલાયું છે અને ભીડ એકત્ર થઈ રહી છે તે જોતાં ત્રીજી લહેરને કોઈ રોકી શકે તેમ નથી. તલોદમાં આજે રવિવારે વેપારીઓ અને સેવાકીય સંસ્થાઓના કર્મચારીઓ માટે ૩ સ્થળે કોરોના વેક્સિનેશન યોજાશે. વેક્સિનેશન કેમ્પનો લાભ લેવા તાલુકા હેલ્થ ઓફીસર-તલોદ દ્વારા જણાવ્યું છે.

જિલ્લામાં ભલે એમ કહેવાતું હોય કે કોરોનાનો એકપણ કેસ નોંધાતો નથી પરંતુ ખાનગી હોસ્પિટલના આંકડા અને વિગતો ચોંકાવનારી છે. તમામ વેપારીઓને કોરોના રસીકરણથી આવરી લેવામાં આવે તો સંક્રમણ ઉપર અંશતઃ કાબુ આવી શકે છે. આરોગ્ય વિભાગ અને સરકારની ઝૂંબેશ છતાં અનેક વેપારીઓ અને અન્ય લોકો કોરોના વેક્સિનેશનથી દૂર ભાગી રહ્યા છે. તલોદમાં સ્થાનિક રજૂઆત પછી વેપારીઓ અને અન્ય સેવાકીય સંસ્થાના કર્મચારીઓ માટે આજે તા.૨૫ જુલાઈના રોજ પશુ દવાખાના, તલોદ માર્કેટયાર્ડ હોલ અને તલોદ સામૂહીક આરોગ્ય કેન્દ્રમાં વેક્સિનેશન સેન્ટર ફાળવવામાં આવ્યું છે જેનો મહત્તમ લાભ લેવામાં આવે તેવો અનુરોધ કરવામાં આવ્યો છે.

# ધનસુરાના ગઢી માતાજીના મંદિરે ગુરુપૂર્ણિમા નિમિત્તો ગુરૂ પૂજનનો કાર્યક્રમ યોજાયો



ધનસુરા, તા. ૨૪

ધનસુરાના ગઢી માતાજીના મંદિરે ગુરુપૂર્ણિમાના નિમિત્તે ગુરૂ પૂજનનો કાર્યક્રમ યોજાયો હતો ભારતીય સંસ્કૃતિમાં ગુરુ શિષ્ય પરંપરાનું ખૂબ મહત્વ છે ત્યારે ગુરુ પૂર્ણિમાના નિમિત્તે ધનસુરા રામજી મંદિરના મહંત મહામંડલેશ્વર પુરણશરણ દાસજી મહારાજ ના સૌએ આશીર્વાદ લીધા હતા ધનસુરા ગઢી માતાજીના મંદિરે અખંડ રામધૂન,ગુરૂ પૂજન,ભોજન પ્રસાદ અને સુંદરકાંડના પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું સાથે ગુરૂ ચરણ પાદુકા પૂજન, સત્સંગ, દર્શન અને કંઠી મંત્ર અને દીક્ષા આપવાનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં ધનસુરા અને આજુબાજુના ગામના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને ગુરુપૂજનના પાવન પર્વ ની ઉત્સાહપૂર્વક ઊજવણી કરી હતી સાથે પ્રસાદ લઈ રામજી મંદિરના મહંત મહામંડલેશ્વર પુરણશરણદાસજી મહારાજ ના આશીર્વાદ લઈ ધન્યતા અનુભવી હતી.

# શ્રી ઓધવ વિદ્યામંદિર ધનસુરા ખાતે ગુરુપૂર્ણિમા દિવસની ઉજવણી કરાઈ



ધનસુરા, તા. ૨૪

શ્રી ઓધવ વિદ્યામંદિર ધનસુરા ખાતે ગુરુપૂર્ણિમા ના દિવસે ઉજવણી કરાઈ હતી ભારતીય સંસ્કૃતિમાં ગુરુ અને શિષ્યની પરંપરા નું ખૂબ મહત્વ છે ત્યારે સંત શ્રી ઓધવરામજી ની તપોભૂમિ પર શ્રી ઓધવ વિદ્યામંદિર સ્કૂલમાં ગુરુપૂર્ણિમા ના દિવસની પરંપરાગત રીતે ઉજવણી કરાઈ હતી. જેમાં શાળાના આચાર્યશ્રી અને શિક્ષકોને કુમકુમ તિલક કરી તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું અને સાથે સાથે બાળકોને પણ ઓનલાઈન કલાસ દ્વારા ગુરુપુનમ ની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## ધનસુરા દશા ખડાયતા સમાજનું ગૌરવ



ધનસુરા, તા. ૨૪

ધનસુરા દશા ખડાયતા સમાજના અગ્રણી અને ધનસુરાના પ્રસિદ્ધ ડોકટર શિરીષભાઈ શાહના પુત્ર દીપ શિરીષભાઈ શાહ એ ચિલ્ડ્રન સ્પેશ્યાલિસ્ટની પરીક્ષામાં પાસ થયી સમગ્ર ધનસુરા તથા દશા ખડાયતા સમાજનું ગૌરવ વધારેલ છે. ડોક્ટર શિરિષભાઈ શાહ ધનસુરા પંથકમાં એક અગ્રણી ડોક્ટર તરીકેની નામના ધરાવે છે ત્યારે તેમના પુત્ર દીપ શાહ ચિલ્ડ્રન સ્પેશ્યાલિસ્ટ ની પરીક્ષામાં પાસ થતા સૌએ તેમની આ સિદ્ધિ મેળવવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

## ભિલોડા તાલુકાના ટાકાટુકા ગામમાં પાણીની પરબ અને બાપા સીતારામ મઢુલીનું લોકાર્પણ

ભિલોડા,તા.૨૪

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ટાકાટુકા ગામમાં ગુરૂપુર્ણિમાના પવિત્ર પાવન પર્વ નિમિત્તે સત્યનારાયણની કથા,યજ્ઞ કર્યો હતો.પીવાના પાણીની પરબ અને બાપા સીતારામ મઢુલીનું લોકાર્પણ કરાયું હતું.આંજણા ચૌધરી યુવક મંડળ,ટાકાટુકા ગામના સેવાભાવી યુવાનોએ જણાવ્યું હતું કે ટાકાટુકા ગ્રામ પંચાયત ડે.સરપંચ સ્વ.સંજયભાઈ શાંમળભાઈ ચૌધરી,સામાજીક કાર્યકરનું યુવાન વયે દુઃખદ્ અવસાન થયેલ હોય તેઓના સ્મરણાર્થે પીવાના પાણીની પરબ અને બાપા સીતારામ મઢુલીનું લોકાર્પણ કરાયું હતું.સફળ સંચાલન આંજણા ચૌધરી યુવક મંડળ, ટાકાટુકા ગામના યુવાનો દ્વારા કરાયું હતું.



# ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા દ્વારા ગુરૂપુર્ણિમા નિમિત્તે કાર્યક્રમ યોજાયો




ભિલોડા,તા.૨૪

ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા અને ગુજરાત રાજ્ય યોગ બોર્ડના સંયુક્ત ઉપક્રમે ભિલોડા તાલુકા પ્રાથમિક શાળા નંબર. ૧ ના પરીસરમાં ગુરૂપુર્ણિમાના પાવન પર્વ નિમિત્તે ઉજવણી યોજાઈ હતી.ભારતીય સંસ્કૃતિ અનુસાર ગુરૂ-શિષ્યની પરંપરા મુજબ પતંજલિ મહિલા યોગ સમિતી, મહિલા પ્રભારી ઉર્વશીબેનનું ગુરૂપુજન કરાયું હતું. ગુજરાત રાજ્ય યોગ બોર્ડના કોચ વસંત પટેલ, પંકજ શર્મા, યોગ સાધકો ઉપસ્થિત રહ્યા હતા.ભારત વિકાસ પરીષદ, ભિલોડા શાખા પ્રમુખ રામઅવતાર શર્મા,મંત્રી મહિપતસિંહ રાઠોડ, ખજાનચી નરેન્દ્રભાઈ પ્રજાપતિ, ફાઉન્ડર મેમ્બર મુકેશભાઈ પંચાલ, ગુરૂવંદન છાત્ર અભિનંદન સંયોજક બિપીનભાઈ પ્રજાપતિ,અનિલભાઈ પંચાલ, સંજયભાઈ પંચાલ, આચાર્ય કાંતીભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ગુરૂપુર્ણિમા વિશે ગુરૂ અને શિષ્યના સબંધ વિશે સુંદર વ્યક્તત્વ વક્તાઓએ આપ્યું હતું. સુખડીના પ્રસાદનું વિતરણ કર્યું હતું.

# ધનસુરા ગઢી માતાજીના મંદિર ખાતે ગુરુ પૂર્ણિમાની ઉજવણી નિમત્તે માસ્ક વિતરણ



ધનસુરા, તા. ૨૪

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા ધનસુરા ગઢી માતાજીના મંદિરે ખાતે ગુરુ પૂર્ણિમા ની ઉજવણી નિમત્તે માસ્ક વિતરણ કરાયું હતું ધનસુરા ગઢી માતાજીના મંદિરના મહંત મહામંડલેશ્વર પુરણશરણ દાસજી મહારાજ ના આશીર્વાદ હેઠળ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ધનસુરા શાખાના ઉપક્રમે ભક્તોને માસ્ક નું વિતરણ કરવામાં આવ્યું હતું જેમાં ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ધનસુરા ના વાઈસ ચેરમેન ગોવિંદભાઈ. એસ. પટેલ,ભરતભાઈ પટેલ,ભરતભાઈ ઠુંમ્મર, ઈન્દ્ર વદનભાઈ પટેલ, ગોપાલ ભાઈ પટેલ, પેન્શનર મંડળના પ્રમુખ હસમુખભાઈ પટેલ તેમજ સાબર ડેરીના ડિરેકટર કાન્તીભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા આ પ્રસંગે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ના અરવલ્લી જિલ્લાના ચેરમેન ભરતભાઈ પરમાર અને ધનસુરા તાલુકાના ચેરમેને મનસુખભાઈ ભગત એ રેડક્રોસ સોસાયટી ની ટીમને અભિનંદન પાઠવ્યા હતા

## જન્મદિને વધામણી


ધવલકુમાર જશુભાઈ પટેલ
(રજીસ્ટ્રાર કચેરી-બાયડ)
બાયડ, જિ.અરવલ્લી


નીતિનભાઈ એન. બ્રહ્મભટ્ટ
(મા.શિ. : બોરલ હાઈસ્કુલ)
આકરૂન્દ, તા.ધનસુરા


અર્પણ ડાૅ.બિપીનભાઈ શાહ
(વલ્લભનગર સોસાયટી)
અમદાવાદ(બાયડ)


હર્ષ ચૌધરી
બાયડ, જિ.અરવલ્લી


ચિરાગ જી. ગોસ્વામી
સરડોઈ, તા.મોડાસા


દિપ રાજેશભાઈ ચૌધરી
(યુ.જી.વી.સી.એલ.-ચોઈલા)
(ઘનશ્યામનગર સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી


ભરત વી. પટેલ
દખણેશ્વર, તા.બાયડ


રાજુભાઈ પટેલ
(પ્રા.શિક્ષક)
સાકરીયા, તા.મોડાસા


ગુણવંતભાઈ બારોટ
બાયડ, જિ.અરવલ્લી


મહેન્દ્રભાઈ પી. પટેલ
(પ્રમુખ : ગુજરાત રાજ્ય માધ્યમિક શાળા વહીવટી કર્મચારી સંઘ)
મોડાસા(સાયરા)


અશોક પટેલ
ઈટાડી, તા.મોડાસા


શૈલેષભાઈ બારોટ
વાત્રક, તા.બાયડ


સાગર વિરમભાઈ પટેલ
(બ્રીસબેન, ઓસ્ટ્રેલિયા)
બાયડ, જિ.અરવલ્લી


સોલંકી દક્ષકુમાર
મેહુલકુમાર
બાયડ, જિ. અરવલ્લી

# બેન્ક ઓફ બરોડા ધનસુરા શાખામાં સ્થાપના દિવસની ઉજવણી



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪

બેન્ક ઓફ બરોડાને સ્થાપનાને ૧૧૪ વર્ષ થતાં ધનસુરા બેન્ક ઓફ બરોડા શાખામાં સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી. બેન્ક મેનેજર કાર્તિક ચરણ પ્રધાને બેન્કની સ્થાપનાથી અત્યાર સુધીની બેન્કની કામગીરી અંગે જાણકારી આપી હતી. બેન્ક ઓફ બરોડાની સ્થાપનાની ઉજવણીમાં બેન્ક સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.